**To,**
**BSE Limited,**
Floor 25, P J Towers,
Dalal Street, Mumbai – 400001

Script Code: 544047

Sub: Newspaper Advertisement – Notice to The Members of The Company Regarding 19th Annual General Meeting to Be Held at the Registered office of the company on Saturday, 27th September, 2025 AT 02:00 P.M. IST

Dear Sir/Madam,

With reference to the captioned subject and various circulars issued by the Ministry of Corporate Affairs (MCA) and Securities and Exchange Board of India (SEBI) read with Regulation 47 of SEBI LODR Regulations, 2015, we are submitting herewith copies of Newspaper Publications dated 05th September, 2025, in respect of information regarding 19th Annual General Meeting of the Company scheduled on Saturday, 27th September, 2025 AT 02:00 P.M. IST at Registered office of the Company.

Please find enclosed herewith the extract of notice published in the aforesaid newspapers.

1. Business Standard (English)

2. Bhoomi- (Gujarati)

Please take on your record and oblige us.

Thanking You.

**FOR, SIYARAM RECYCLING INDUSTRIES LIMITED**

BHAVESH R MAHESHWARI
Digitally signed by BHAVESH R MAHESHWARI
Date: 2025.09.05 18:15:54 +05'30'

**BHAVESH RAMGOPAL MAHESHWARI**
**MANAGING DIRECTOR**
**(DIN: 06573087)**

**Date:** 05th September, 2025
**Place:** Jamnagar

# જામનગર શહેરમાં ઈદે-મિલાદનું ભવ્ય ઝુલુસ

## સરકારની આમદ મરહબા, આકા કી આમદ મરહબાના નારા સાથે ઝુલુસે આકર્ષણ જમાવ્યું





તસવીરકારઃ ઈસ્માઈલ શેખ

જામનગર તા.૫

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયંગબર સાહેબના જન્મદિવસ ઈદે મિલાદની જામનગર શહેર અને જિલ્લામાં હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

જામનગર શહેરના રબ્બાનીપાર્ક ખાતે દાવતે ઈસ્લામી ઈંડિયા સંચાલિત મક્કા મસ્જીદમાં રાત્રે ૧૨ વાગ્યાથી સવાર સુધી નાત શરીફ તેમજ બયાન સહિતના કાર્યક્રમો બાદ વહેલી સવારે ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. આ ઉપરાંત અલ સફા પાર્કમાં આવેલ મસ્જીદે અહેમદ રઝા ખાતે આખી રાત નાત-શરીફ અને કુર્આન પાકની તિલાવત બાદ વહેલી સવારે મસ્જીદના પેશ ઈમામ હાફિઝ ગુલફામ હસનની આગેવાનીમાં ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સમસ્ત સુન્ની મુસ્લિમ જમાત દ્વારા જામનગર શહેરના સાયરપીરના ચોક ખાતેથી ઈદે મિલાદનું પરંપરાગત ઝુલુસ નિકળ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો શણગારેલા વાહનો સાથે જોડાયા હતા. સાયરપીરના ચોકથી નિકળેલું આ ઝુલુસ નિર્ધારીત રૂટ સાથે હાજીપીર ચોક, ઘાંચીની ખડકી, ગઢની રાંગ, પાંચ હાટડી, દરબારગઢ, જુમ્મા મસ્જીદ, ચાંદીબજાર થઈને દરબારગઢ ખાતે સંપન્ન થયું હતું. ઝુલુસમાં જોડાયેલા બિરાદરો માટે ઠેર-ઠેર પીવાના પાણી, શરબત અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ ઝુલુસમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે નાયબ પોલીસ અધિક્ષક સહિતનો પોલીસ કાફલો બંદોબસ્તમાં જોડાયા હતા.

આજે ૫- સપ્ટેમ્બર શિક્ષકદિન

# ખારવા પ્રાથમિક શાળાના શિક્ષક વિદ્યાર્થીઓ માટે ફાળવે છે, 'વધુ સમય'

## પરેશભાઈ સોરઠીયાએ અત્યાર સુધી શાળાના ૧૪૩ વિદ્યાર્થીઓને CET, NMMS, જ્ઞાન સાધના, નવોદય જેવી પરીક્ષાઓમાં મેરીટ અપાવી કારકિર્દીનું કર્યું ઘડતર





ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ અને શિક્ષકોના સન્માન માટે દર વર્ષે ભારતમાં તા.૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. શિક્ષકના માર્ગદર્શનથી જ વ્યકિત પોતાના જીવનમાં સાચી દિશામાં આગળ વધી શકે છે. શિક્ષકો જ બાળકો માટે વધુ સારું ભવિષ્ય બનાવે છે. અને આવા જ એક શિક્ષક કે જેઓ પોતાના શાળાના સમય સિવાયના સમયમાં પણ બાળકોને અભ્યાસની સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરાવે છે.

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ખારવા પ્રાથમિક શાળામાં છેલ્લા ૧૦ વર્ષથી શ્રી પરેશભાઈ સોરઠીયા અભ્યાસ કરાવે છે. તેઓ પોતાની શિક્ષક તરીકેની જવાબદારી પૂરી કરવાની સાથે સાથે બાળકોને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ પણ કરાવે છે. જેવી કે, CET, NMMS (નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ), જ્ઞાન સાધના, નવોદયના એકસ્ટ્રા કલાસ લઈ બાળકોને અભ્યાસ કરાવે છે. ચાલુ વર્ષે ધો.૫ અને ધો.૮ના અંદાજે ૪૫ જેટલા બાળકોને તેઓ શાળાના સમય સિવાયના સમયમાં પરીક્ષાઓની તૈયારી કરાવે છે.

આ અંગે પરેશભાઈ સોરઠીયા જણાવે છે કે, હું શાળામાં હાજર થયો ત્યારથી મેં નક્કી કર્યું હતું કે, શાળાને આગળ ધપાવવા માટે શક્ય તેટલા તમામ પ્રયત્નો કરીશ. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે CET, NMMS(નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ), જ્ઞાન સાધના, નવોદયની તૈયારીઓ હું વિદ્યાર્થીઓને કરાવું છું. હું શાળાના સમય સિવાયના સમયમાં સવારના ૯:૦૦ થી ૧૦:૩૦ દરમિયાન એકસ્ટ્રા લેકચર લઈને ધો.૫ અને ધો.૮ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપુ છું. અત્યાર સુધીમાં મારા બાળકો પૈકી ૫ વિદ્યાર્થીઓ નવોદયમાં, ૨૯ વિદ્યાર્થીઓ જ્ઞાન સાધનામાં, ૫૬ વિદ્યાર્થીઓ ઈઊઝમાં તથા ૫૩ વિદ્યાર્થીઓ ગખખજની પરીક્ષામાં મેરીટમાં આવ્યા છે. આ વર્ષે પણ ૩૦ વિદ્યાર્થીઓ વિવિધ પરીક્ષાઓમાં મેરીટમાં આગળ આવે તેવા મારા પ્રયત્નો છે. જેમાં સ્કુલ મેનેજમેન્ટ કમિટી અને શિક્ષકોનો પણ મને સાથ સહકાર મળી રહે છે.

શિક્ષક દિન નિમિતે શિક્ષકોને સંદેશો આપતા પરેશભાઈ જણાવે છે કે, ગામડાનું મધ્યમવર્ગનું બાળક તથા વાલીઓ શિક્ષકો તથા સરકારી શાળાઓ પર વિશ્વાસ રાખીને પોતાના બાળકોને શાળાએ મોકલે છે. તો સૌ શિક્ષકોએ પણ પોતાની ફરજ નિભાવવાની સાથે બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે હેતુથી શક્ય તેટલા તમામ પ્રયત્નો કરવા જોઈએ. અને અમારી શાળામાં જે પ્રકારે વિદ્યાર્થીઓ માટે વધારાનો સમય ફાળવીને તેનું ભવિષ્ય ઘડવામાં મદદ કરવામાં આવે છે તે પ્રકારે અન્ય શિક્ષકો જહેમત ઉઠાવે. વાલીઓને આર્થિક રીતે મદદરૂપ ન થઈ શકીએ તો તેમના બાળકોનું ભવિષ્ય સુધારવા માટેના પ્રયાસો એક શિક્ષકે અવશ્ય કરવા જોઈએ.

ખારવા પ્રાથમિક શાળામાં ધો.૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દુધાગરા પ્રિશા જણાવે છે કે, અમે ભવિષ્યમાં સરકારની વિવિધ યોજનાઓ થકી વિનામુલ્યે શિક્ષણ મેળવી શકીએ તે માટે અમારા સર દ્વારા શાળા સિવાયના સમયમાં દરરોજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરાવવામાં આવે છે. જેથી કરીને મધ્યમવર્ગના વાલીઓને તેના બાળકના શિક્ષણ પાછળ આર્થિક ખર્ચ ન કરવો પડે અને તેઓ ઉચ્ચ અભ્યાસ મેળવી શકે. આજે શિક્ષક દિન નિમિતે અમારા સર દ્વારા આપવામાં આવતી આ સેવા બદલ હું તેમનો અભાર વ્યક્ત કરું છું.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ, જ્ઞાનશકિત રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશકિત ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશકિત સ્કુલ્સ અને મૉડેલ સ્કુલ્સમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરીટના આધારે ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવે છે.

તે જ રીતે વિદ્યાર્થીઓ માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજયના ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવા 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અમલમાં મુકવામાં આવેલ છે.

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (ગ.ખ.ખ.જ) નામની યોજના શિક્ષા મંત્રાલય ભારત સરકાર તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ધો.૯ થી ધો.૧૨ સુધી દર મહીને શિષ્યવૃતિ આપવામાં આવે છે.

( આલેખન : પારૂલ કાનગડ ★ ફોટા : ગજેન્દ્રસિંહ જાડેજા/ અમિત ચંદ્રવાડિયા)

ભાણવડ પંથકમાંથી પોલીસે પકડી પાડ્યો

# મોરબીમાં ઝડપાયેલા શરાબના વિશાળ જથ્થાના કેસમાં ફરારી આરોપી ઝડપાયો

જામખંભાળિયા તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ ઓ.જી. પોલીસે ભાણવડના રાણપર ગામના એક શખ્સને દબોચી લીધો હતો. આ શખ્સનું નામ થોડા સમય પૂર્વે મોરબી વિસ્તારમાં એસ.એમ.સી.ની ટીમ દ્વારા ઈંગ્લીંશ દારૂના ઝડપાયેલા તોતિંગ જથ્થા પ્રકરણ અંગે ખુલવા પામ્યું હતું.

આ સમગ્ર પ્રકરણ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ પી.એસ.આઈ. કે.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કાર્યવાહીમાં હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ હુણ ભરતભાઈ બૈડીયાવદરા અને નિતેશભાઈ સાદીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડ તાબેના રાણપર ગામે રહેતા અને ટ્રક ડ્રાઈવિંગનું કામ કરતા સાગર ઉર્ફે બાવો પ્રભુદાસભાઈ રામદેવપૌત્રા નામના ૩૫ વર્ષના શખ્સને ભાણવડના રાણપર ગામના રામ મંદિર ખાતેથી ઝડપી લેવામાં આવ્યો હતો.

મોરબી જિલ્લાના માળિયા મીયાણા વિસ્તારમાં થોડા સમય પૂર્વે રાજ્યની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગુજરાતમાં કરેલા મોટા જથ્થાના કેસો પૈકીના એક કેસમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો જંગી જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. જેમાં આ શખ્સનું નામ ખુલવા પામ્યું હતું. જેથી તેની વિધિવત રીતે અટકાયત કરી અને આગળની કાર્યવાહી અર્થે તેનો કબ્જો માળીયા મીયાણા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આરોપી સામે અગાઉ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ અને દ્વારકા, રાજકોટના વિરપુર, જામનગરના જામજોધપુર, સીટી-બી, મેઘપર (પડાણા) અને પોરબંદર સહિત ૧૦ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા હોવાનું પણ ખુલવા પામ્યું છે.

# જામનગરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા કરાયું ફુટ પેટ્રોલીંગ

જામનગર તા.૫

જામનગર શહેરમાં ગણેશ મહોત્સવના તહેવાર તેમજ ઈદ એ મિલાદના તહેવારને અનુલક્ષીને શહેરના ખાસ કરીને સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં શાંતિ જળવાયેલી રહે, અને બંને તહેવારો શાંતિપૂર્વક ઉજવાય, તેના ભાગરૂપે ગઈકાલે સિટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન ની ટિમ તથા એલસીબી ની ટુકડી દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

જામનગર શહેરમાં હાલમાં મુસ્લિમ નો પાવન પર્વ ઇદ-એ-મિલાદુન્નબી ની મુસ્લિમ બિરાદારો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. અને બીજી તરફ ગણેશ મહોત્સવ ચાલી રહ્યો છે. અને તા.૦૫ મી સપ્ટેમ્બર ના રોજ ઇદ-એ-મિલાદુન્નબી નું જુલુસ જામનગર શહેર માં યોજાનાર છે.

દરમિયાન જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ જામનગર શહેર વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ની સુચના થી સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં કાયદો વ્યવસ્થા તેમજ સુરક્ષા સલામતી ની જાળવણી સાથે સંપૂર્ણ કોમી ભાઈચારાની ભાવના વચ્ચે બને તેહવાર યોજાય તેને લઈને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

જેમાં સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ નિકુંજસિંહ ચાવડા, પીએસઆઇ એમ.એન.રાઠોડ, દરબારગઢ પોલીસ ચોકી ના પીએસઆઈ વી.આર.ગામેતી તેમજ એલસીબી શાખા ના પીએસઆઇ પૃથ્વીરાજસિંહ મોરી સહિત એલસીબી ના જવાનો દ્વારા સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન થી ફટ પેટ્રોલિંગનો આરંભ કરી દરબારગઢ વિસ્તાર, પાંચ હાટડી, કાલાવડ નાકા, મોટા પીર ચોક, ઘાંચી ની ખડકી, ખોજા નાકા, કિસાન ચોક, ખંભાળિયા ગેટ, પહવાઈ ચોક વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરી કાયદો વ્યવસ્થા અને સુરક્ષા સલામતીની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

# રણુંજાના મેળામાં ધ્રોલના યુવાનનું નિપજ્યું મોત

જામનગર તા.૫

ધ્રોળ તાલુકાના ગોલીટા ગામમાં રહેતો અને જીઆઈડીસીમાં નોકરી કરતો જગદીશ નાનજીભાઈ વાઘેલા નામનો ૩૩ વર્ષનો યુવાન ગઈકાલે કાલાવડ નજીક રણુજાના મેળામાં આવ્યો હતો, અને મેળો પૂરો કરીને પરત જઈ રહ્યો હતો.

જે દરમિયાન રણુજા રોડ પોતે ઈજાગ્રસ્ત હાલતમાં બેભાન થઈને પડ્યો હતો. જેને સારવાર માટે કાલાવડ ની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતાં તબીબે તેનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ અરવિંદભાઈ નાનજીભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં કાલાવડ પોલીસે સૌપ્રથમ બનાવના સ્થળે અને ત્યારબાદ કાલાવડ ની સરકારી હોસ્પિટલમાં પહોંચી જઈ જગદીશભાઈના મૃતદેહ નો કબજો સંભાળ્યો હતો, અને પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. તેમજ બનાવ અંગેની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં તેને કોઈપણ પ્રકાર ના વાહનની ઠોકર લાગતાં નીચે પટકાઈ પડ્યો હોવાનું અને તેને માથાના ભાગે, ડાબી સાઈડના પડખામાં, તથા પીઠ ના ભાગે છોલછાલ સહિતની ઈજા થઈ છે. સમગ્ર મામલામાં પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# મોરબીના પોકસો હેઠળના ગુન્હાનો કેદી નાશી ગયા પછી જામજોધપુરમાંથી પકડાયો

જામખંભાળિયા તા.૫

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જામવાડી ગામના મૂળ રહીશ અને હાલ પોરબંદરમાં સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રહેતા જામનગરના રમેશ ઉર્ફે રાજેશ ઉર્ફે મુન્નો ઉર્ફે સાગર નાનજીભાઈ ચાવડા નામના ૪૨ વર્ષના શખ્સ સામે અગાઉ થોડા સમય પૂરે મોરબીના સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં દુષ્કર્મ તથા પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે ગુના સંદર્ભે આરોપીને કેદની સજા ફટકારવામાં આવી હતી.

જેથી તેને રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવામાં આવ્યો હતો. આ શખ્સએ ગત તારીખ ૨૧ જૂન ૨૦૨૪ પૂર્વે સાત દિવસની પેરોલ રજામાંથી પરત આવવાના બદલે નાસી છૂટ્યો હતો અને પોતાના અલગ અલગ નામ ધારણ કરી અને જુદા જુદા સ્થળોએ રહેતો હતો.

ઉપરોકત આરોપી સાગર નાનજીભાઈ ચાવડા ભાણવડ વિસ્તારમાં આવ્યો હોવાની ચોક્કસ માહિતી પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ભાણવડ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ જાડેજા, વેજાણંદભાઈ બેરા તથા અજયભાઈ ભરવાડીયાને મળતા ઉપરોકત શખ્સને રીક્ષામાં બેસીને ભાણવડ તરફ આવતા રેલવે ફાટક પાસેથી રિક્ષામાંથી ઝડપી લેવાયો હતો. ત્યાર બાદ તેને રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

આરોપી શખ્સ પાસે રહેલા રીક્ષા અંગેના કોઈ ડોક્યુમેન્ટસ ન હોય, તેથી આ અંગે એમ.વી. એક્ટની કલમ હેઠળ રીક્ષા પણ ડિટેઇન કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યવાહી અહીંના ડીવાયએસપી વી.પી. માનસેતાના વડપણ હેઠળ ભાણવડના પી.આઈ. કે.બી. રાજવી તથા પી.એસ.આઈ. પી.જે. ખાંટ ના માર્ગદર્શન હેઠળ ભાણવડ પોલીસની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરમાં રિક્ષાચાલક પર હુમલોઃ માતા-પૂત્રો સામે રાવ

જામનગર તા.૫ઃ જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગ કરતા સુલતાન આદમભાઈ નામના ૩૧ વર્ષના મુસ્લિમ વાઘેર યુવાને પોતાના ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે અમીબેન તેમજ તેના બે પુત્ર દિલાવર અને સિકંદર સામે ફરિયાદ નોંધાવી છે, જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને લોહી નિતરતી હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી સુલતાનભાઈની સાળી કે જેને આરોપી અમીબેન સાથે ઝઘડો થયો હતો, તેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## લાલપુર તાલુકામાં તસ્કરો ત્રાટકયા
# પીપરટોડા ગામમાં મકાનમાંથી પોણા લાખની મત્તાની ચોરી

જામનગર તા.૫

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મુકેશભાઈ જેસાભાઈ નકુમ નામના ખેડૂતના રહેણાક મકાનને કોઈ તસ્કરો એ નિશાન બનાવી લીધું હતું, અને મકાનની દિવાલ કૂદીને દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ મેળવી લીધો હતો.

તસ્કરોએ મકાનની અંદર રાખેલા કબાટ નો લોક તોડી નાખી તેની અંદરથી રૂપિયાથી ૩૫ હજારની રોકડ રકમ તથા સોના ની બુટ્ટી, ચાંદીની લકી અને પાયલ વગેરે સહિત કુલ રૂપિયા ૭૪,૨૦૦ ની માલમત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે બનાવ અંગે લાલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ ટુકડી દોડતી થઈ છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુર પંથકમાંથી સેલફોનની ચોરી

જામખંભાળિયા તા.૫

કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામે રહેતા કરસનભાઈ ગોવિંદભાઈ ભાટિયા નામના ૨૪ વર્ષના આહિર યુવાનનો રૂપિયા આઠ હજાર જેટલી કિંમતનો રીયલ-મી કંપનીનો મોબાઈલ ફોન લાલુકા ગામના પાટીયા પાસે યોજાયેલા મેળામાંથી ચોરાઈ ગયો હોવાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

## જાહેર નોટીસ

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જામનગર(શહેર)ની કોર્ટમાં**

**જ.મ.એ.-૧૯૬૯ કેસ નંબર.૧૨૨/૨૦૨૫**

ચંદાબેન બાબુભાઈ કાજીયા

રહે.વંડાફળી, જામનગર.................અરજદાર

**વિરૂધ્ધ**

(૧) જન્મ/મરણ નોંધણી અધિકારીશ્રી

જામનગર મહાનગરપાલિકા,

જયુબીલી ગાર્ડન પાસે, જામનગર............સામાવાળા

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિવાદીશ્રીના ભાણેજ અનસુયાબેન ભગવાનજી ચુડાસમાની જન્મ તા.૦૧/૦૬/૧૯૫૬ના રોજ જામનગર થયેલ હોવાનું તથા તેની જન્મ નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોય,અત્રેની એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ જામનગર (શહેર)ની કોર્ટમાં ઉપરોકત્ત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઇ ઇસમ કે સંસ્થાને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં રૂબરૂ કે વકીલ મારફત લેખિતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અથવા આ કેસની આગામી મુદ્દત તા.૨૬/૦૯/૨૦૨૫ના રોજ બપોરના ૦૩.૩૦ કલાકે હોય તે દિવસે બિનચૂક હાજર રહેવું અન્યથા દિન ૩૦ બાદ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

-એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

જામનગર (શહેર)

## જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લાલપુરની કોર્ટમાં**

**જન્મ-મરણ રજી. નં.૨૭/૨૦૨૫**

શ્રી કૌશિકભાઈ દેવરાજભાઇ કરણીયા

રહે.રાસંગપર, તા.લાલપુર, જી.જામનગર...... અરજદાર/વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને

તલાટી કમ મંત્રીશ્રી, રાસંગપર ગ્રામ પંચાયત

તા.લાલપુર, જિ.જામનગર.................સામાવાળા/પ્રતિવાદી

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી કૌશિકભાઈ દેવરાજભાઇ કરણીયા-રહે.રાસંગપર, તા.લાલપુર, જી.જામનગર ના પિતાશ્રી દેવરાજભાઇ પોપટભાઇ કરણીયાનું મરણ તા.૦૨/૦૨/૧૯૮૬ના રોજ રાસંગપર મુકામે તેમના ઘરે થયેલ હતું. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તો સદર મરણની નોંધણી કરાવવા અંગે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ- ૧૩(૩) અન્વયેની આ કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો તકરાર હોય તો જાતે અથવા માહિતગાર કરેલ વકીલશ્રી મારફતે તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ ૧૨-૦૦ કલાકે આ કોર્ટમાં હાજર રહેવું, અન્યથા આગળની. કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા. ૦૨ માહે- સપ્ટેમ્બરને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી નોટીસ બહાર પાડવામાં આવી**

**હુકમથી**

**મામલતદાર અને**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાલપુર**

## જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લાલપુરની કોર્ટમાં**

**જન્મ-મરણ રજી. નં.૩૬/૨૦૨૫**

શ્રી પાલાભાઈ ભુરાભાઈ જાપડા

રહે.નાંદુરી

તા.લાલપુર, જી.જામનગર.....................અરજદાર/વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને

તલાટી કમ મંત્રીશ્રી, નાંદુરી ગ્રામ પંચાયત

તા.લાલપુર, જિ.જામનગર..................સામાવાળા/પ્રતિવાદી

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પાલાભાઈ ભુરાભાઈ જાપડા-રહે.નાંદુરી-તા.લાલપુર, જી.જામનગરના પિતાશ્રી ભુરાભાઈ રાણાભાઈ ઝાપડાનું મરણ તા.૧૩/૦૨/૨૦૦૮ના રોજ નાંદુરી મુકામે તેમના ઘરે જન્મ થયેલ હતો. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તો સદર મરણની નોંધણી કરાવવા અંગે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ- ૧૩(૩) અન્વયેની આ કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો તકરાર હોય તો જાતે અથવા માહિતગાર કરેલ વકીલશ્રી મારફતે તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ ૧૨-૦૦ કલાકે આ કોર્ટમાં હાજર રહેવું, અન્યથા આગળની. કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા. ૦૨ માહે- સપ્ટેમ્બરને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી નોટીસ બહાર પાડવામાં આવી**

**હુકમથી**

**મામલતદાર અને**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાલપુર**

**સિયારામ રિસાયક્લિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

CIN : L27106GJ2007PLC049999

**રજિસ્ટર્ડ ઓફિસ :** પ્લોટ નંબર ૬ અને ૭, ગામઃ લાખાબાવળ, પોસ્ટઃ ખોડિયાર કોલોની, જામનગર, ગુજરાત, ઈન્ડિયા, ૩૬૧૦૦૬ || Mobile : 7575020500

**Email** : info@siyaramimpex.com || **Website** : www.siyaramindustries.co.in

**૧૯મી વાર્ષિક જનરલ મીટિંગ (એજીએમ)ની નોટિસ અને ઈ-વોટિંગ માહિતી**

આથી નોટિસ આપવામાં આવે છે કે સિયારામ રિસાયક્લિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ("કંપની") ના સભ્યોની ૧૯મી વાર્ષિક જનરલ મીટિંગ ("AGM") **શનિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યે** પ્લોટ નં. ૬ અને ૭, ગામઃ લાખાબાવલ, પોસ્ટઃ ખોડિયાર કોલોની, જામનગર - ૩૬૧૦૦૬, ગુજરાત, ઈન્ડિયા ખાતે યોજાશે, જેમાં ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ યોજાયેલી AGM ની નોટિસમાં દર્શાવેલ બિઝનેશને ધ્યાનમાં લેવામાં આવશે અને વ્યવહાર કરવામાં આવશે.

કંપનીએ ૦૪મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ નોટિસ અને એકસ્પ્લેનેટરી સ્ટેટમેન્ટ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા આવા બધા ને મોકલેલ છે જેમનો ઈમેલ આઈડી કટ ઓફ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ કંપની અથવા ડિપોઝિટરી સાથે રજીસ્ટર્ડ હતા. આ કાર્યવાહી કોર્પોરેટ બાબતો ના મંત્રાલય (MCA) ના સામાન્ય પરિપત્ર ૧૪/૨૦૨૦ તારીખ ૦૮મી એપ્રિલ ૨૦૨૦ અને બીજા લાગૂ પડતા પરિપત્રો તથા સામાન્ય પરિપત્ર ૦૯/૨૦૨૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ સહિત (સામૂહિક રીતે " MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે) અને સિક્યોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી") ના પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 તારીખ ૩ ઓક્ટોબર, ૨૦૨૪ (સામૂહિક રીતે "સેબી પરિપત્રો" તરીકે ઓળખાય છે).

સભ્યો એ પણ નોંધ લઈ શકે છે કે નોટિસ અને સ્પષ્ટીકરણ નિવેદન કંપનીની વેબસાઈટ એટલે કે, www.siyaramindustries.co.in અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ એટલે કે, BSE ની વેબસાઈટ www.bseindia.com પર અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટેની એજન્સી) ની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈઓનું પાલન કરીને, કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે, જે સમય સમય પર સુધારેલા છે, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર જરૂરીયાતો) નિયમનો, ૨૦૧૫ ના નિયમ ૪૪, કંપની તેના સભ્યોને ઉપરોક્ત નોટિસમાં દર્શાવેલ ઠરાવો પર રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરવાની સુવિધાઓ પૂરી પાડી રહી છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની જોગવાઈઓ અને તેના હેઠળ બનાવેલા નિયમો અનુસાર જરૂરી વિગતો અહીં નીચે આપેલ છેઃ

૧. વાર્ષિક જનરલ મીટિંગની નોટિસ મોકલવાની પૂર્ણ તારીખ : ગુરૂવાર, ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૫

૨. રિમોટ ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને સમય : ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યે,

૩. રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત થવાની તારીખ અને સમય : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે

૪. રિમોટ ઈ-વોટિંગના હક નક્કી કરવા અને વાર્ષિક જનરલ મીટિંગમાં હાજરી આપવા માટેની કટ-ઓફ તારીખ : શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫

૫. જે વ્યક્તિઓએ કંપની દ્વારા વાર્ષિક જનરલ મીટિંગની નોટિસ ઈ-મેઈલ કર્યા પછી શેર ખરીદ્યા છે અને કંપનીના સભ્ય બન્યા છે અને જેમના નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં / ડિપોઝિટરીઓ દ્વારા જાળવવામાં આવેલા લાભાર્થી માલિકોના સ્ટેટમેન્ટમાં કટ-ઓફ તારીખે દેખાય છે તેઓ વાર્ષિક જનરલ મીટિંગની નોટિસમાં જણાવેલ પ્રક્રિયાને અનુસરીને રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના વોટિંગ અધિકારોનો ઉપયોગ કરી શકે છે.

૬. રિમોટ ઈ-વોટિંગ આનાથી વધુ સમય માટે મંજૂરી આપવામાં આવશે નહીં : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સાંજે ૫:૦૦ વાગ્યા પછી

૭. કાસ્ટિંગની રીત AGM દરમિયાન ઠરાવો પર વોટિંગ : AGM માં હાજરી આપનારા સભ્યો જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કર્યું નથી તેઓ બેલેટ પેપર દ્વારા વોટિંગ કરવા પાત્ર રહેશે.

જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કર્યું છે તેઓ AGM માં હાજરી આપવા પાત્ર રહેશે, જોકે, તેઓ મીટિંગમાં ફરીથી વોટિંગ કરવા પાત્ર રહેશે નહીં

૮ ફરિયાદ માટે સંપર્ક વિગતો : નામ : પુષ્કરરાજ જમનાલાલ કાબરા

ઈમેઈલ : cs@siyaramindustries.co.in મોબાઈલ નંબર : +91 97272 25000

**સિયારામ રિસાયક્લિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

તારીખ : ૦૫-૦૯-૨૦૨૫ — સહી/- **ભાવેશ રામગોપાલ મહેશ્વરી**

સ્થળ : જામનગર — મેનેજિંગ ડાયરેકટર - DIN : 06573087

HINDUJA HOUSING FINANCE

**Corporate Office:** No. 167-169, 2nd Floor, Anna Salai, Saidapet, Chennai-600015
**Branch Office:** 3rd, Floor, IFFCO Bhavan, B/h. Maruti Complex, B/h. Pintoo Garment, Nr. Shivranjani Cross Road, Satellite, Ahmedabad-380015
**Saurabhkumar Napit Mo.7874828789, Vikas Savariya Mo. 7984982904. Hitesh Kumar Patel Mo.7048336601, Sushil Chaudhary Mo. 8118818160, Nitin Samudre M. 8128310678, Shivam Mishra M, 9033015277**
**E-mail auction@hindujahousingfinance.com**

## Physical Possession Notice - As per Appendix IV

Whereas, The undersigned being the Authorized Officer of Hinduja Housing Finance Limited (HHFL) under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules 2002, issued the Demand Notice under section 13(2) calling upon the borrowers to repay the amount mentioned in the notice alongwith further charges, interest etc. within 60 days from the date of the said notice. The borrowers having failed to repay the amount, notice is hereby given to the borrowers and the public in general that the undersigned has taken **Physical Possession** of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of Section 13 of the said Act read with Rule 8 of the Security interest Enforcement Rules, 2002.

| Sr. No. | Name of the Borrower(s) / Co-Borrower(s) / Guarantor(s) | Demand Notice Date and Amount Loan Account No. | Date & Type of Possession | Schdule of the Property |
|---|---|---|---|---|
| 1 | **Borrower:** Mr. Rajubhai Vasava **Co-borrower:** Mrs. Ranjanben Vasava | Dt. 17.11.2024 & Rs. 16,47,204/- & A/C No. GJ/ANK/VGRA/A000000042 | 31.08.2025 Physical Possession | All part and parcel of R.S.No-482/1 PaikeePriyanka Suncity Paikee Sub Plot No-120/1,Half part of Eastern side land New Block No-1858 Ad area 73.18sq.mt, Adjoining Land Ad area 33.87 sq.mttotal ad area 107.05 sq.mt Situated at limitof Paniyadra, Ta-Wagra, **District:-Bharuch** East Society Road,West Plot Number 120,paikee 2,North 30 feet Road and South Plot Number 133. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 24/06/2025, ISSUED BY THE ADDL. CHIEF JUDICIAL MAGISTRATE ADDL. CHIEF JUDICIAL MAGISTRATE VAGRA** | | | |
| 2 | **Borrower:** Mr. Ashokbhai Devani **Co-borrower:** Mrs. Varshaben Vasava | Dt. 17.11.2024 & Rs. 15,16,283/- & A/C No. GJ/ANK/VGRA/A000000037 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Property Bearing OldR.8.No-72/1,Which New R.S.No-674 Paikee Shree Indraprasth Residency Paikee Plot No-563 (674/563 No-after KIP)Ad area 74.42 sq.mt,Ad USL 27.67 sq.mt, Total ad area102.09 sq.mt situated at limit of Andada, Ta-Ankleshwar, **District:-Bharuch** is Belong to 1) Mrs.Varshaben Somabhai Vasava 2)Mr.Ashokbhai Manubhai Devani with boundaries as under: EAST:-Plot No-564,WEST:-Plot No-562,NORTH:-Plot No-575 & 576 And SOUTH:-Society Road |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 01/08/2025, ISSUED BY THE ADDITIONAL SR. CIVIL JUDGE & A.C.J.M ANKLESHWAR.** | | | |
| 3 | **Borrower:** (1) Mr. Angesh Kumar Singh **Co-borrower:** (2) Mrs. Renu Devi Singh | Dt. 14/9/2024 & Rs.7,42,849/- & A/C No. GJ/SRT/KIMH/A000000067 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Residential Flat No. 409 on the 4 Floor admeasuring 613.00 sq. feet Super Built up area, & 368.00 sq. feet ic. 34.20 sq. mts. Built up area, Along with 9.31 sq. mts. undivided share in the land of "Golden Point, Part- E of Fab World", Situate at Revenue Survey No. 106, Block No. 104 admeasuring He. Are. 1-28-49 sq. mts. i.e. 12849 sq. mts., Akar Rs. 17.19 Paisa (Khata No. 20), & Revenue Survey No. 140/1, Block No. 141 admeasuring He. Are. 2-20-66 sq. mts. i.e. 22966 sq. mts., (Khata No. 422) Paiki Plot No. 1 & 51, of Moje Village Dastan, **Ta: Palsana, Dist: Surat,** Currently Owned By And Possessed By (1) Mr. Angesh Kumar Lalbabu Singh with boundaries as under : East Adj Plot,West Adj Flat no 410,North Passage and South Road. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 4 | **Borrower:** (1) Mr. Dharmesh Sahni **Co-borrower:** (2) Mrs. Babita Dharmesh Sahni | Dt. 12/9/2024 & Rs. 8,74,548/- & A/C No. GJ/SRT/ADJN/A000000111 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Residential Plot No. 16 (As Per K.P. Block No. 14/16/16)admeasuring 40.18 sq. mts., Along with 26.25 sq. mts. undivided share in the land of Road & COP, in "Yashvi ResidencyPart:3", Stuate at Revenue Survey No. 9, Block No. 14 Total admeasuring He. Are. 1-37-94 sq. ms. ie. 13794 sq. mts,, ofMoje Village Karel, **Ta: Palsana, Dist: Surat,** To be Purchase by (1) Babita & (2) Dharmesh Sahni with boundaries asunder: East Society Road,West Plot Number 13,North Plot Number 15 and South Plot Number 17. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 5 | **Borrower:** (1) Mr. Ajaykumar **Co-borrower:** (2) Mrs. Pooja Maurya | Dt. 16/05/2024 & Rs. 7,85,384/- & A/C No. GJ/SRT/UMRA/A000000099 | 31.08.2025 Physical Possession | Residential Flat No. 408 on the 4th Floor admedsuring 535 sq. feet i.c. 49.72 sq. mts.Super Built up area, & 321 sq.feet i.e. 20.83 sq. mts. Built up area, Along with 6.35 sqmts. undivided share in the land of, RADHE RESIDENCY OF BANSIPARK, 'A' BLOCK",Situated at Block No. 91, Revenue Survey No. 73 Paiki Plot No. 23 to 26 Total admeasuring 405.60 sq. mts., (As Per Site admeasuring 563.31 sq. yard i.e. 471.00 sqmts), Along with 151.40 sq mts. undivided share in the land of Road & C. 0. P., of Moje Village Bagumara, **Ta: Palsana, Dist: Surat** Currently Owned By And Possessed By (1)Mr. Ajaykumar Phoolchandra with boundarics as under: East Flat no 401,West SocietyRoad, North Dhanlaxmi Building South flat no 407. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 6 | **Borrower:** (1) Mr. Rakesh Kumar Tiwari **Co-borrower:** (2) Mrs. Priyanka Tiwari | Dt. 03/10/2024 & Rs. 6,15,171/- & A/C No. GJ/SRT/SCHN/A000000037 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Residential Flat No. 307 on the 3rd floor admeasuring 349.89 sq. feet i.e. 32.50 sq. mts. Built up area, & 530.15 sq. feet Super Built up area, Along with 6.60 sq. mts. Undivided share in the land of "Nand Avenue of Saikrupa Housing Society", Situate at Block No. 295 Paiki Northern Side Plot No. 34, 35 & 36 total admeasuring 454 sq. yard. i.e. 379.60 sq. mts., Of Moje Village Kareli, **Ta. Palsana, Dist. Surat,** To be Purchase by (1) Priyanka Rakeshkumar Tiwari & (2) Rakeshkumar Umeshdat Tiwari With boundaries as under : East Other Building,West Passage & Flat Number 306,North Road,South Flat Number 308. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 7 | **Borrower:** (1) Mr. Keyurkumar Goyani **Co-borrower:** (2) Mrs. Hiral Goyani | Dt. 14/9/2024 & Rs.8,95,513/- & A/C No. GJ/SRT/SURA/A000000185 | 31.08.2025 Physical Possession | All that peace and parcel of Non Agriculture immovable Residential 4th Floor Flat No.404 Building- C in the scheme known as "SHREE VINAYAK RESIDENCY, in SHREE VINAYAK VILLA", admeasuring Super Build Up area of 60.22 Sq. Mts.,and Build up area of 31.32 Sq. Mts., along with undivided share admeasuring area 3.04 in land of Plot No.177, 178, 179 of Revenue Survey No.57/1, 57/2, 58 Block no.63 paikee , Near Datsan Railway Crossing, Kadodara , Bardoli Road, of Mouje Dastan of Palsana in Registration **District and Sub-District of Surat -394310,** Currently Owned And Possessed By Mrs. Hiral Keyurkumar Goyani and Mr. Keyurkumar Pravinbhai Goyani with is bounded as under;East Building D,West Passage and Flat No 401,North Flat Number 403 and South Flat Number 405. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 8 | **Borrower:** (1) Mr. Santoshbhai Akhade **Co-borrower:** (2) Mrs. Ushabai Akhade | Dt. 03/10/2024 & Rs.7,33,366/- & A/C No. GJ/SRT/ADJN/A000000011 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Residential Flat No. 303 on the 3rd floor admeasuring 708 sq. feet Super Built up area, & 32.89 sq. mts. Built up area, Along with 6.82 sq. mts. undivided share in the land of Road, in "Maruti Residency, Building No. D of Shivam Residency", Situate at Revenue Survey No. 102/1, 102/2, Block No. 104, 105 Paiki Plot No. 46 to 49, of Moje Village Kadodara, **Ta: Palsana, Dist: Surat,** To be Purchase by (1) Ushaben Santoshbhai Akhade & (2) Santoshbhai Pandit Akhade with boundaries as under : East Road,West Flat Number 302,North Flat Number 304 and South Passage. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 03/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 9 | **Borrower:** (1) Mr. Sureshlaxaman Sonar **Co-borrower:** (2) Mrs. Saraswati Sonar | Dt. 16/07/2024 & Rs.7,59,495/- & A/C No. GJ/SRT/PLSN/A000000095 | 31.08.2025 Physical Possession | All parts and parcels of non-agriculture immovable Residential Flat No. 104 on the 1st Floor admeasuring 345.20 sq. feet i.e. 32.08 sq. mts. Built up area, Along with undivided share in the land of "Amar Palace", Situate at Revenue Survey No. 442 + 443, Old Block No. 569/4, 569/5, 569/6, 569/7, & 569/8, Re-Survey New Block No. 810, 821, 832, 843 & 853, Paiki As Per Site Sub Plot No. 2, As Per Site admeasuring 702.05 sq. mts., As Per 7/12 Record admeasuring 594.85 sq. mts., of Moje Village Umbhel, **Ta: Kamrej, Dist: Surat,** To be Purchase by (1) Saraswati Suresh Sonar & (2) Sureshlaxman Sonar with boundaries as under : East Open Land And Flat No 105,West Open Land And Property,North Flat No 107 and South passage. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 15/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 10 | **Borrower:** (1) Mr. Hasmukhbhai Patel **Co-borrower:** (2) Mrs. Kailashben Patel | Dt. 14/09/2024 & Rs.11,98,039/- & A/C No. GJ/SRT/SURA/A000000156 | 31.08.2025 Physical Possession | All that peace and parcel immovable Residential property bearing Plot No. 15(As per Site), Plot no. D-15 (As per Plan) of Sub-Plot No. 2,New/ Amalgamated Block No. 14 (Old Block No. 13) of Revenue Survey No. 4+314+315, 310, 311, 312, 313, in the scheme known as "SHIVDARSHAN RESIDENCY", admeasuring about 40.15 sq. meters along with undivided share on Road and COP with Construction thoron around of 39.21 8q. Mtrs. Opposite Hari Darshan Residency, Sayan - Shekhpur Road,of Mouje Shekhpur of Kamrej Taluka in the Registration District and Sub-**District of Surat-394250** Currently Owned and Possessed By (1) Mrs. Kailashben Hasmukhbhai Patel and (2) Mr. Hasmukhbhai Dhirubhai Patel., which is bounded as under ; East Adj Plot Number D-08,West 6.00 Mt.Road,North Adj Plot Number B-16 and South Adj Plot Number D-14. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 25/07/2025, ISSUED BY THE ADDL.CHIEF JUDICIAL MAGISTRATE, KATHOR, DIST. SURAT.** | | | |
| 11 | **Borrower:** (1) Mr. Mahendrabhai Parmar **Co-borrower:** (2) Mrs. Shwetaben Parmar | Dt. 12/09/2024 & Rs.12,96,503/- & A/C No. GJ/ANK/JGDA/A000000047 | 31.08.2025 Physical Possession | All part and parcel of Old R.S.No-124/A Paikee 1 Paikee Maruti Nandan Homes & Business Hub Paikee Plot No-D/51 New R.S.No-293 Ad 47.60 sq.mt, Adjoining land 14.40 sq.mt,Ad area 62.00 sq.mt Situated at limit of Vav, **Ta-Vagra,District:-Bharuch** East Society Road,West Plot Number D/38,North Plot Number D/52 and South Plot Number D/50. |
| | **THE PHYSICAL POSSESSION HAS BEEN TAKEN AS PAR COURT ORDER DATED 24/06/2025, ISSUED BY THE ADDL. CHIEF JUDICIAL MAGISTRATE VAGRA.** | | | |

**Place : Gujarat**
**Date : 05.09.2025**

**Authorized officer**
**For, Hinduja Housing Finance Limited**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**Regional Office - Bhuj :** First Floor, Dhanraj Building, College Road, Bhuj - Kutchh - 370 001

## Tender Notice : Requires Premises on Lease

The **Bank of Baroda** invites offers for Premises on Lease basis from the owners / Power of attorney holders of premises with carpet area as mentioned below for its Branch with all facilities including adequate power supply.

| Area Name | Carpet Area Required |
|---|---|
| University Road Preferably 500 Mtr . Radius of Aeroplane Circle | 2,050 Sq. Ft. |

The Premises shall be ready for occupation or likely to be ready for occupation within a period of 3 Months. The intending offerers shall submit their offers in two separate sealed cover superscribed **"Technical Bid"** and **"Price Bid"** to **"The Regional Manager, Bank of Baroda, Bhuj Regional Office,1st Floor, Dhanraj Building, College Road, Bhuj, Gujarat - 370001"** on or before **26.09.2025** upto **3.00 PM.** Priority would be given to the premises belonging to Public Sector Units / Govt. Departments. For change in last date and other details please log in on tender section of our web site **www.bankofbaroda.com/tenders.asp**

The Bank reserves its right to accept or reject any offer without assigning reason thereof.

**Regional Head**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**S.M.E. Chanod Branch :** Chandralok Complex, Vapi Silvassa Road, Nr. D Mart, Chanod, Vapi-396395, Dist. Valsad, Gujarat. India
**Ph : 091 260 2452950, M. 096876 80714,**
**Emial : chanod@banlofbaroda.com**

## APPENDIX IV [See Rule 8(1)] POSSESSION NOTICE

Whereas, the undersigned being the Authorised Officer of the **Bank of Baroda** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13 read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002, issued a demand notice dated **16-06-2025** calling upon the Borrowers/Partners/Mortgagor/ Guarantors **Mr. Anjani Kumar Chaudhary & Mrs. Suman Chaudhary** to repay the amount mentioned in the notice being **Rs. 17,03,525.31/-(Rupees Seventeen Lacs Three Thousand Five Hundred Twenty-Five and Paise Thirty One) Plus Interest plus Legal charges and other chargesas on 14-06-2025 With Further interest Until Payment in Full** within 60 days from the date of notice/date of receipt of the said notice.

The Borrowers having failed to repay the amount, notice is hereby given to the Borrower/Guarantor/ Mortgagor and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **29th day of August of the year 2025.**

The Borrower/Guarantor/Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Bank of Baroda** for an amount of **Rs. 17,03,525.31/-(Rupees Seventeen Lacs Three Thousand Five Hundred TwentyFive and Paise Thirty One) Plus Interest plus Legal charges and other chargesas on 14-06-2025** with further interest & expenses thereon until full payment.

**The Borrower Attention is Invited to Provision of sub section {8} of section 13 of Act in respect of time available redeem the secured assets**

### Description of the Immovable Property

All that piece and parcel of immovable property Residential Flat No 702, Seventh Floor, Wing A 1 of 1 type Building, Lake paradise, Dungra Vapi admeasuring 659.48 square feet's i.e. 61.29 square meters and said building is Constructed on Non-agricultural land bearing Survey No. 2757 admeasuring 2630.00 square meters situated lying and being within the Village Dungra, Taluka vapi District Valsad state Gujarat India together with all other rights title interest and benefits connected thereto Bounded As :

| As Per Deed | As Per Site |
|---|---|
| On the East : Flat no. A1-701. | Flat no. A1-701. |
| On the West : Flat no. A2 -701 | Flat no. A2 -701 |
| On the North : Lift | Lift |
| On the South : OTS | Adjoining Internal Road |

**Date : 29.08.2025**
**Place : Chanod, Vapi**

**Authorized Officer,**
**Bank of Baroda**

## SIYARAM RECYCLING INDUSTRIES LIMITED

**CIN** : L27106GJ2007PLC049999
**Regd. Office** : Plot No. 6 & 7, Village: Lakhabaval, Post : Khodiyar Colony, Jamnagar, Gujarat, India, 361006, **Mobile** : 7575020500
**Email** : info@siyaramimpex.com || **Website** : www.siyaramindustries.co.in

### NOTICE OF 19TH ANNUAL GENERAL MEETING (AGM) AND E-VOTING INFORMATION

NOTICE is hereby given that an 19th Annual General Meeting ("AGM") of the Members of Siyaram Recycling Industries Limited (the "Company") will be held on **Saturday, 27th September, 2025 at 02:00 p.m.** at Plot No. 6 & 7, Village : Lakhabaval, Post: Khodiyar Colony, Jamnagar - 361006, Gujarat, India, to consider and transact the business as outlined in the Notice dated 29th August, 2025 convening the AGM.

The Company has Dispatched the Notice on 04th September, 2025 along with the explanatory statement only through electronic mode to those Members who have registered their e-mail address either with the Company or with the Depository as on cutoff date 29th August, 2025 in accordance with the General Circular No. 14/ 2020 dated 8th April 2020 read with other relevant circulars including General Circular No. 09/ 2024 dated September 19, 2024 issued by the Ministry of Corporate Affairs ('MCA') (collectively referred to as "MCA Circulars") and Securities and Exchange Board of India ("SEBI") circular No. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/ 133 dated October 3, 2024 (collectively referred to as "SEBI Circulars"),

Members may also note that the Notice along with the explanatory statement are available on the Company's website i.e., www.siyaramindustries.co.in and on the website of the Stock Exchanges i.e., BSE at www.bseindia.com and on the website of National Securities Depository Limited (agency for providing the remote e-voting facility) at https://www.evoting.nsdl.com.

In compliance with provisions of Section 108 of the Companies Act, 2013, read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Company is providing its Members the facilities to cast their votes by remote e-voting on the resolutions outlined in the said Notice. The details as required pursuant to the provisions of the Companies Act, 2013 and rules made thereunder are given here under:

1. Date of completion of dispatch of Notice of AGM : Thursday, 04th September, 2025
2. Date & Time of commencement of remote e-voting : 09:00 A.M on 24th September 2025,
3. Date & Time of end of remote e-voting : 5:00 P.M. on 26th September 2025
4. Cut-off date for determining rights of entitlements of remote e-voting and attending AGM : Saturday, 20th September, 2025
5. Those persons who have acquired shares and have become members of the Company after e-mailing of Notice of AGM by the Company and whose names appear in the Register of Members of the Company / in the statement of beneficial owners maintained by the depositories as on the cut-off date can exercise their voting rights through remote e-voting by following the procedure as mentioned in the said Notice of AGM.
6. Remote e-voting shall not be allowed beyond : After 5:00 pm 26th September 2025
7. Manner of casting Votes on resolutions during AGM : Members attending the AGM who have not cast their vote by remote e-voting shall be eligible to cast their vote through Ballot Paper.
   Members who have voted through remote e-voting shall be eligible to attend the AGM, however, they shall not be eligible to vote again at the meeting
8 Contact details for Grievance : Name : Pushkarraj Jamnalal kabra
  Email : cs@siyaramindustries.co.in Mobile No : +91 97272 25000

Date : 05th September, 2025
Place : Jamnagar

For, **Siyaram Recycling Industries Limited**
sd/- **Bhavesh Ramgopal Maheshwari**
Managing Director - DIN : 06573087

## MP STATE CO-OPERATIVE DAIRY FEDERATION LTD.

**Dugdha Bhawan, Dugdha Marg, Habibganj, Bhopal-462024**
**Tel. : 0755-2602145, E-mail : ho.mpcdf.@gmail.com, purchase@sanchidairy.com**
**Website : www.sanchidairy.com**

### INVITATION FOR BIDS (IFB)/LOCAL COMPETITIVE BIDDING (LCB)

Bids are invited from eligible bidders for the works listed below :

| Sl. No. | Description of Works/Bid Reference | EMD (Rs.) | Bid Submission Start/End Date & Time | Technical Bid Opening Date & Time |
|---|---|---|---|---|
| I. | Supply, Installation and Commissioning of RP-HPLC Machine at MPCDF Bhopal. (2nd Call) Ref. MPCDF/PUR/QC/2025/10 | 63,000/- | 05.09.2025 12:00 hrs./ 13.09.2025 18:00 hrs. | 15.09.2025 14:00 hrs. |
| II. | Implementation of Sales Force Automation and Tracking Solution for MPCDF Bhopal (3rd Call) Ref: MPCDF/PUR/ICT/2025/11 | 30,000/- | 05.09.2025 12:00 hrs./ 13.09.2025 18:00 hrs. | 15.09.2025 14:00 hrs. |

For further details pertaining to IFB and for downloading the bid document, please visit website **https://www.mptenders.gov.in** and **www.sanchidairy.com** (only for reference). For any clarification please contact Group Head (Purchase), MPCDF, BHOPAL, M.P.

The Managing Director, MP State Co-operative Dairy Federation Ltd. has all the rights to accept or reject any or all the bids.

**NB :** Any corrigendum/modification etc. will be posted only website **https://www.mptenders.gov.in.**

M.P. Madhyam/121898/2025 **MANAGING DIRECTOR**


Navigate markets with focused insight.

Get daily sector trends, market movers, and sharp insights — *every day* with **The Compass** in Business Standard.

To book your copy, SMS **reachbs** to **57575** or email **order@bsmail.in**



Business Standard
Insight Out

businessstandard bsindia business.standard business-standard.com



When industry giants speak, everyone listens.

In-depth **Q&As** with market mavens — *every Monday* in Business Standard.

To book your copy, SMS **reachbs** to **57575** or email **order@bsmail.in**

Business Standard
Insight Out